**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**
જે માણસ તમને રડવા માટે ખભો આપે છે ને સાહેબ, એ જ માણસ પાસે રડવા માટે કોઈનો ખભો નથી હોતો!

વર્ષ: ૧૧ ● અંક: ૧૮૧ ● તારીખ: ૦૧.૦૬.૨૦૨૬, સોમવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો ૧૨૧મો એપિસોડ: જનભાગીદારી અને રાષ્ટ્રનિર્માણનો સંદેશ

## ભારતની પ્રગતિની ગાથા અને નાગરિકોના યોગદાનને વડાપ્રધાન દ્વારા મળી વિશેષ માન્યતા



**સમય સંદેશ: નવી દિલ્હી**
આજના 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાને દેશના સામાન્ય નાગરિકોના અથાગ પ્રયત્નો અને રાષ્ટ્રના વિકાસમાં તેમના યોગદાનની સરાહના કરી હતી. કાર્યક્રમના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

પર્યાવરણ અને જળ સંરક્ષણ: વડાપ્રધાને 'એક પેડ મા કે નામ' અભિયાન પર ખાસ ભાર મૂકતા જણાવ્યું કે પર્યાવરણને બચાવવા માટે દરેક નાગરિકે એક વૃક્ષ ચોક્કસ વાવવું જોઈએ. જળ સંરક્ષણના પ્રયાસોને જન આંદોલન બનાવવાની જરૂરિયાત પર તેમણે વધુ જોર આપ્યું હતું.

ગ્રીન એનર્જી અને સૌર ઉર્જા: દેશમાં વધતા જતા સોલર એનર્જીના ઉપયોગની તેમણે પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે સામાન્ય પરિવારો 'પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના'નો લાભ લઈને આત્મનિર્ભર બની રહ્યા છે.

કૌશલ્ય વિકાસ અને યુવાશક્તિ: ભારતની યુવા પેઢી નવીનતા અને ટેકનોલોજીના ક્ષેત્રમાં જે રીતે પ્રગતિ કરી રહી છે તે અભૂતપૂર્વ છે. સ્ટાર્ટઅપ સંસ્કૃતિએ કેવી રીતે દેશના નાના શહેરોમાં પણ ક્રાંતિ લાવી છે તે વિશે તેમણે ચર્ચા કરી હતી.

સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસો: વડાપ્રધાને દેશના વિવિધ તહેવારો અને સાંસ્કૃતિક આયોજનો દ્વારા કેવી રીતે સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવના મજબૂત થાય છે તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે 'વોકલ ફોર લોકલ'ના મંત્રને વધુ વેગ આપવા પણ અપીલ કરી હતી.

સ્વચ્છતા અભિયાન: 'સ્વચ્છ ભારત મિશન'ને સફળ બનાવવા બદલ તેમણે દેશવાસીઓનો આભાર માન્યો હતો અને તેને એક સતત ચાલતી પ્રક્રિયા તરીકે જાળવી રાખવા અનુરોધ કર્યો હતો.

ખેલકૂદ અને સ્વાસ્થ્ય: ભારતીય ખેલાડીઓના આંતરરાષ્ટ્રીય સ્તર પરના પ્રદર્શન અને રમતગમત પ્રત્યે દેશમાં વધેલા ઉત્સાહની તેમણે નોંધ લીધી હતી, જે ભારતને ફિટનેસ ક્ષેત્રે પણ આગળ લઈ જઈ રહ્યું છે.

વડાપ્રધાનનું સંબોધન એ વાત પર કેન્દ્રિત હતું કે જ્યારે ૧૪૦ કરોડ ભારતીયો એક સાથે એક દિશામાં પ્રયત્ન કરે, ત્યારે રાષ્ટ્રના વિકાસની ગતિ અનેકગણી વધી જાય છે.

# પશ્ચિમ બંગાળમાં હિંસાનો દોર, બદલાની રાજનીતિ શરૂ: અભિષેક બેનર્જી બાદ કલ્યાણ બેનર્જી પર પણ હુમલો, માથામાં ઈજા

## તૃણમૂલ કોંગ્રેસના નેતાઓની સુરક્ષા સામે સવાલ: અભિષેક બેનર્જી પર સોનારપુરમાં હુમલા બાદ કલ્યાણ બેનર્જી પર પણ હુગલી જિલ્લામાં જીવલેણ હુમલો





**સમય સંદેશ: કોલકાતા**
પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછીની હિંસાના બનાવો વચ્ચે તૃણમૂલ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ નિશાના પર આવ્યા છે. સોનારપુર વિસ્તારમાં પાર્ટીના મહાસચિવ અને સાંસદ અભિષેક બેનર્જી પર ઉગ્ર ભીડ દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં હુમલાખોરોએ અભિષેક બેનર્જીના કપડાં ફાડી નાખ્યા હતા અને તેમના ચશ્મા તોડી નાખ્યા હતા. સદનસીબે સુરક્ષાકર્મીઓએ સમયસૂચકતા વાપરીને તેમને હેલ્મેટ પહેરાવી દેતા મોટી દુર્ઘટના ટળી હતી.

આ હુમલાના થોડા સમય બાદ જ વરિષ્ઠ સાંસદ કલ્યાણ બેનર્જી પર પણ હુગલી જિલ્લામાં હુમલો થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે, જેમાં તેમને માથાના ભાગે ઈજા પહોંચી હોવાનું જાણવા મળે છે.

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદની હિંસાના બનાવો અટકવાનું નામ નથી લઈ રહ્યા. તાજેતરમાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને પક્ષના ટોચના નેતાઓમાં ગણાતા કલ્યાણ બેનર્જી પર હુગલી જિલ્લાના ચંદીતલા પોલીસ સ્ટેશનની બહાર હુમલો થયો હોવાના અહેવાલ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કલ્યાણ બેનર્જી પક્ષના કેટલાક ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોની મુક્તિની માંગણી સાથે આવેદનપત્ર આપવા માટે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. આવેદનપત્ર સુપરત કરવામાં આવે તે પહેલા જ તૃણમૂલ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો ઉગ્ર બનતા હિંસક અથડામણમાં ફેરવાઈ ગયો હતો. આ દરમિયાન થયેલા હુમલામાં કલ્યાણ બેનર્જીના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે.

આ ઘટના બાદ હુગલી વિસ્તારમાં ભારે તંગદિલી ફેલાઈ ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસના સમર્થકોએ ભાજપના કાર્યકરો પર આ હુમલાનો આરોપ લગાવ્યો છે અને દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. આ ઘટનાને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાથે જોડીને જોવામાં આવી રહી છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ આ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં અભિષેક બેનર્જી પર સોનારપુરમાં થયેલા હુમલા બાદ કલ્યાણ બેનર્જી પર થયેલો આ હુમલો ટીએમસી માટે મોટો આંચકો માનવામાં આવે છે. હાલમાં ઘટનાસ્થળે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને પરિસ્થિતિ પર દેખરેખ રાખવામાં આવી રહી છે.

બેનર્જી પરના હુમલાને લઈને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આક્રોશ વ્યક્ત કરતા ભાજપ સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, ''દેશના શાસકો પોતે જ હત્યારા બની ગયા છે.'' બીજી તરફ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ આ ઘટનાની નિંદા કરી છે અને તેને બદલાની રાજનીતિ ગણાવી છે. આ હિંસક ઘટનાઓની શ્રેણી બાદ રાજ્યના રાજકીય વાતાવરણમાં ભારે તંગદિલી ફેલાઈ ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે આ હુમલા ભાજપ દ્વારા આયોજિત છે, જેનો હેતુ વિપક્ષી નેતાઓના મનોબળને તોડવાનો છે. ભાજપે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા છે. રાજ્યભરમાં વધતી જતી આ અરાજકતાને પગલે સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ પર છે.

# ઈરાન સાથેની ડીલમાં ડોનાલ્ડ ટ્રમ્પની નવી મોટી શરતો...

## ફ્રીઝ થયેલી સંપત્તિ નહીં મળે, લેબનોનમાં યુદ્ધવિરામ નહીં અને યુરેનિયમ સોંપવું પડશે: ટ્રમ્પે ઈરાન સાથેના પ્રસ્તાવિત કરારમાં અત્યંત કડક ફેરફારો સૂચવ્યા છે, જેમાં પરમાણુ સામગ્રી અંગેના નિયમો આકરા બનાવાયા



**સમય સંદેશ: વોશીંગ્ટન**
અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પે ઈરાન સાથેના પ્રસ્તાવિત કરારમાં અત્યંત કડક ફેરફારો સૂચવ્યા છે, જેમાં પરમાણુ સામગ્રી અંગેના નિયમો આકરા બનાવાયા છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે ઈરાનને તેની કોઈ પણ ફ્રીઝ થયેલી સંપત્તિ પરત અપાશે નહીં અને લેબનોનમાં યુદ્ધવિરામ પણ નહીં થાય. તેમણે દાવો કર્યો છે કે અમેરિકા ઈરાન સામે સંપૂર્ણ વિજય મેળવી રહ્યું છે અને ઈરાન ટૂંક સમયમાં શરણાગતિ સ્વીકારી લેશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ તણાવ અને વાટાઘાટો વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પે ઈરાન સામે આક્રમક અને આકરૂં વલણ અપનાવ્યું છે. શુક્રવારે સિચ્યુએશન રૂમમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન, ટ્રમ્પે તેમના દૂતો દ્વારા ઈરાની સમકક્ષો સાથે નક્કી કરાયેલા કરારમાં મોટા સુધારા કરવાની માંગ કરી છે.

એક્સિઓસ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સુધારાઓ ખાસ કરીને ઈરાનની પરમાણુ સામગ્રીને લગતા મુદ્દાઓને વધુ કડક બનાવવા પર કેન્દ્રિત છે.

નવી દરખાસ્તમાં ઈરાન માટે અત્યંત આકરી શરતો મૂકવામાં આવી છે. આ શરતો મુજબ ઈરાનને તેની ફ્રીઝ કરાયેલી (સ્થગિત કરાયેલી) કોઈ પણ સંપત્તિ પાછી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, લેબનોનમાં કોઈ પણ પ્રકારનો યુદ્ધવિરામ થશે નહીં, અને ઈરાને પોતાનું સંવર્ધિત યુરેનિયમ ફરજિયાતપણે ટ્રાન્સફર કરવું પડશે તેવી દ્રઢ પ્રતિબદ્ધતા અમેરિકા દ્વારા માંગવામાં આવી છે.

બીજી તરફ, ફોક્સ ન્યૂઝ સાથેની ખાસ વાતચીતમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે અત્યંત આત્મવિશ્વાસ સાથે હુંકાર કરતા જણાવ્યું હતું કે, ''અમે ઈરાનમાં જીતી રહ્યા છીએ. અમે સંપૂર્ણ અને પૂરેપૂરો વિજય મેળવ્યો છે. ઈરાન ટૂંક સમયમાં જ શરણાગતિનો સફેદ ઝંડો ફરકાવશે.''

ટ્રમ્પે ઈરાનની વર્તમાન સ્થિતિ અંગે કટાક્ષ કરતા અને તેની નબળાઈ છતી કરતા કહ્યું કે, ''ઈરાન અત્યારે ખૂબ જ ખરાબ સ્થિતિમાં છે. તેમની પાસે કોઈ વાયુસેના નથી, કોઈ નૌકાદળ નથી, કશું જ બચ્યું નથી. તેમની પાસે માત્ર વાતો અને ખોટા સમાચાર જ છે.''

# ભારતીય સેનાના જાંબાઝ જનરલ એનએસ રાજા સુબ્રમણ્યે દેશના ત્રીજા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકેનો સર્વોચ્ચ પદભાર સંભાળ્યો



**સમય સંદેશ: નવી દિલ્હી**
ભારતીય સશસ્ત્ર દળોના ઈતિહાસમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે, જ્યારે વરિષ્ઠ ગઢવાલ રેજિમેન્ટના જાણીતા અધિકારી જનરલ એનએસ રાજા સુબ્રમણ્યે રવિવાર, ૩૧ મે ૨૦૨૬ના રોજ દેશના ત્રીજા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (ઈઉજ) તરીકેનો સર્વોચ્ચ કાર્યભાર વિધિવત રીતે સંભાળી લીધો છે. નવી દિલ્હીના સાઉથ બ્લોક ખાતે તેમને ત્રણેય પાંખ દ્વારા ઔપચારિક 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. તેઓ જનરલ અનિલ ચૌહાણના સ્થાને નિયુક્ત થયા છે, જેઓ ૩૦ મેના રોજ પોતાનો સફળ કાર્યકાળ પૂર્ણ કરીને નિવૃત્ત થયા હતા. સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર સોર્સના જણાવ્યા અનુસાર, પદ સંભાળ્યા બાદ જનરલ સુબ્રમણ્યે દેશની સુરક્ષા કાજે તેમની નવી સૈન્ય વ્યૂહરચના સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું કે તેમના નેતૃત્વ હેઠળ ભારતીય સશસ્ત્ર દળોનું પ્રાથમિક ધ્યાન ''જય'' (JAI – Jointness, Alatmanirbharata, Innovation) પર કેન્દ્રિત રહેશે, જેનો અર્થ સેનાની ત્રણેય પાંખો વચ્ચે અદભૂત સંયુકતતા, સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા અને યુદ્ધ કૌશલ્યમાં આધુનિક નવીનતા લાવવાનો છે.

૪૦ વર્ષથી વધુની શાનદાર અને પ્રતિષ્ઠિત સૈન્ય કારકિર્દી ધરાવતા જનરલ સુબ્રમણ્યે પશ્ચિમ અને ઉત્તર બંને સરહદો પરની ઓપરેશનલ પરિસ્થિતિઓનું ઊંડું જ્ઞાન મેળવેલું છે. તેઓ અગાઉ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫થી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયમાં લશ્કરી સલાહકાર તરીકે સેવા આપી રહ્યા હતા.

# પુતિનના બે સિક્રેટ બાળકો હોવાનો દાવો, દુનિયાથી છુપાવીને સ્પેશિયલ ટ્રેનિંગ અપાઈ રહી છે...



**સમય સંદેશ: નવી દિલ્હી**
રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના પરિવાર અને બાળકો વિશે ઘણી બધી વાતો સાર્વજનિક નથી, ત્યારે તેમના પરિવાર વિશે ઘણી ચર્ચાઓ અને અફવાઓ ફેલાઈ છે. પુતિને પહેલા લગ્નથી તેમની બે પુત્રીઓ વિશે જાહેરમાં ચર્ચા કરી નથી. તેમની પુત્રીઓ ઉપરાંત તેમના બે સિક્રેટ બાળકો હોવાનો પણ દાવો કરવામાં આવે છે. આ બંને પુત્રો નાના છે અને તેમને દુનિયાથી છુપાવીને સ્પેશિયલ ટ્રેનિંગ અપાઈ રહી હોવાનું જણાય છે.

પુતિનના પહેલા લગ્ન લ્યુડમિલા એલેક્ઝાન્ડ્રોવના સાથે થયા હતા. આમ વર્ષ ૨૦૧૪માં તેઓના છૂટાછેડા થયા હતા. આ લગ્નથી તેમને બે પુત્રીઓ છે, જેમાં ૪૧ વર્ષીય મારિયા વોરોન્ટસોવના અને ૩૯ વર્ષીય કટેરીના તિખોનોવા. ક્રેમલિન સાથેના તેમના સંબંધો છુપાવવા માટે બંનેએ ખોટા નામો અને ઓળખથી પોતાની કારકિર્દી બનાવી હતી.

રેડિયો સ્વોબોડાના તપાસ પ્રોજેક્ટ સિસ્ટેમા દ્વારા કરવામાં આવેલી નવી તપાસ મુજબ, ઈઝરાયલી મીડિયાએ દાવો કર્યો છે કે પુતિન અને તેમના જીવનસાથી પૂર્વ ઓલિમ્પિક રિધમિક જિમ્નેસ્ટિક્સ ચેમ્પિયન એલિના કાબાએવાને બે પુત્રો છે. પુતિને ૪૩ વર્ષીય કાબાએવા સાથેના તેમના સંબંધો જાહેર કર્યા નથી. કાબાએવા પુતિન કરતા લગભગ ૩૦ વર્ષ નાના છે.

એવો દાવો છે કે, પુતિનના આ બંને પુત્રો એકાંતમાં રહે છે. બંને બાળકોનો ઉછેર પશ્ચિમી વાતાવરણમાં થયો છે. જ્યારે પુતિન જાહેરમાં પશ્ચિમ પ્રત્યે સંઘર્ષાત્મક વલણ અપનાવે છે, ત્યારે તેઓ તેમના બે પુત્રો ૧૧ વર્ષના ઈવાન અને ૭ વર્ષના વોવાને પશ્ચિમી શૈક્ષણિક મૂલ્યોના આધારે ઘરે શિક્ષણ આપી રહ્યા છે. આમાં યુરોપિયન ભાષાઓ શીખવાનો પણ સમાવેશ થાય છે.

અહેવાલો અનુસાર, ૨ વર્ષની ઉંમરથી આ છોકરાઓ ઓછામાં ઓછા ૨૦ ખાનગી ટ્યુટર અને સંભાળ રાખનાર મહિલાઓથી દેખરેખ રખાઈ રહી છે. તેઓને બ્રિટન, જર્મની અને ઑસ્ટ્રિયા જેવા દેશોમાંથી લાવવામાં આવ્યા છે. તેઓ અંગ્રેજી અને જર્મન શીખે છે અને સાન્તાકલોઝ સાથે પશ્ચિમી નાતાલની ઉજવણી પણ કરે છે.

આ બાળકો ન તો સ્કૂલે જાય છે અને ન તો તેમની ઉંમરના અન્ય બાળકો સાથે મળે છે. તેમને રાષ્ટ્રપ્રમુખ માટે બનાવેલા અલગ અલગ આવાસોમાં રાખવામાં આવે છે અને તેમની સુરક્ષા એર ડિફેન્સ તૈનાત છે. અહીં કામ કરતા વિદેશી શિક્ષકો પણ કડક પ્રતિબંધો હેઠળ રહે છે. તેમને શહેરોમાં મુસાફરી કરવા, ખરીદી કરવા અથવા સંગ્રહાલયોની મુલાકાત લેવાની પણ મનાઈ છે.

રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે, બાળકોના સ્વાસ્થ્ય અંગે ખૂબ કાળજી લેવામાં આવે છે. બંને છોકરાઓ તેમજ સ્ટાફ સભ્યોનું નિયમિત મેડિકલ તપાસ કરવામાં આવે છે. જેમાં સામાન્ય બેક્ટેરિયા માટે સકારાત્મક પરીક્ષણ બાદ ઘણા શિક્ષકોને કાઢી મૂકવામાં આવ્યા હતા.

જ્યારે સ્ટાફની ભરતી અને જાળવણી માટે, પુતિન પરિવાર તેમને દર મહિને ૮,૦૦૦ સુધીનો પગાર આપે છે. જેમાં કેટલાકને પગાર રોકડમાં ચૂકવવામાં આવે છે, જે યુરો અથવા યુએસ ડોલરમાં હોય છે.

આ શિક્ષકોના કરારમાં કડક શરતો છે, જેમાં રાજકીય અથવા ધાર્મિક વિચારો વ્યક્ત કરવા પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. તેમને ક્રૅઈઝ વિષયો અથવા જાતીય શિક્ષણ પર ચર્ચા કરવાની મનાઈ છે. સ્ટાફને સૂચના આપવામાં આવે છે કે, રોલ-પ્લેઈંગ ગેમ્સ દરમિયાન બાળકોને ફક્ત પુરુષ પાત્રો જ સોંપવામાં આવે.

ઈઝરાયલી, પશ્ચિમી અને અમેરિકન મીડિયાએ પુતિનના પરિવાર વિશે સતત વિવિધ વાતો પ્રકાશિત કરી છે. આ દેશના મીડિયા દ્વારા ઘણીવાર પુતિન વિશે સનસનાટીભર્યા દાવા કર્યા છે, પરંતુ પુતિન કે રશિયન સરકારે આ અંગે જાહેરમાં કોઈ ટિપ્પણી કરી નથી.

## તંત્રી સ્થાનેથી..

### દિલ્હીની વાત : ખોટી ફરિયાદો બાબતે સુપ્રિમ કોર્ટ કડક

સુપ્રિમ કોર્ટે લગ્ન જીવનના વિવાદોમાં ખોટા અને દુર્ભાવનાપૂર્ણ ફોજદારી કેસોની વધતી સંખ્યા બાબતે ચિંતા વ્યકત કરી છે. કોર્ટે કહ્યું છે કે, કોર્ટો અને વકીલો બંનેની જવાબદારી છે કે અંગત દ્વેષને કારણે ફોજદારી કાયદાનો દુરઉપયોગ થતો રોકે. જસ્ટીસ બીવી નાગરત્ના અને જસ્ટીસ ઉજ્જલ ભૂયીઆની બેંચે પતિ અને એમના કુટુંબીઓ વિરુદ્ધ કરવામાં આવેલી ૧૦થી વધુ ફોજદારી ફરિયાદોને રદ કરતા આ ટીપ્પણી કરી હતી. આ કેસોમાં પોકસો કાયદો અને ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) હેઠળ દુષ્કૃત્યની ફરિયાદોનો સમાવેશ પણ થાય છે. કોર્ટે ટીપ્પણી કરી હતી કે, 'લગ્ન જીવનના વિવાદોમાં ખોટા આક્ષેપો અને દ્વેષપૂર્ણ કેસોને કોર્ટે ઉત્તેજન આપવું જોઈએ નહીં. વકીલો ઉપર સામાજીક જવાબદારી છે અને કુટુંબ જીવનના સામાજીક બંધનને તૂટતુ બચાવવું જોઈએ.

મરાઠા અનામત માટે લડી રહેલા મનોજ જરાંગેએ ૯મી વખત આમરણાત ઉપવાસ શરૂ કર્યા છે. મહારાષ્ટ્રના જલના જિલ્લામાં તેઓ પોતાના ટેકેદારો સાથે ભૂખ હડતાળ પર ઉતર્યા છે. મહારાષ્ટ્રની ગઠબંધન સરકારને ખબર છે કે, મરાઠા અનામત બાબતે મહારાષ્ટ્રના મરાઠાઓ ખૂબ સંવેદનશીલ છે. ભૂતકાળમાં પણ જેતે સરકારે મનોજ જરાંગે સાથે વાતચીત કરવી પડી છે. મનોજ જરાંગે ભૂખ હડતાળ પર ઉતરતા જ મરાઠા અનામત કેબિનેટ સબ કમીટીના ચેરમેન અને મંત્રી રાધાકૃષ્ણ વીખે પાટીલ જરાંગેને મળવા દોડી ગયા હતા. પાટીલે જરાંગેને એમનું આંદોલન પરત ખેંચવા વિનંતી કરી હતી. જરાંગેએ અંતરવાલી સરાતી ગામમાં આંદોલન શરૂ કર્યું છે. ભારે ગરમી વચ્ચે કોઈ મંડપ બાંધ્યા વગર તેઓ ખુલ્લામાં ભૂખ હડતાળ કરી રહ્યા છે. એમણે સરકારને વારંવાર વિંનતી કરી હોવા છતાં પણ સરકારે ધ્યાન આપ્યું નહોતું.

પશ્ચિમ બંગાળમાં જયારે સામ્યવાદીઓ સત્તામાં હતા ત્યારે ટાટા ગ્રુપને પ્લાન્ટ નાખવા માટે સિંગુરમાં જમીન ફાળવવામાં આવી હતી. એ વખતે મમતા બેનર્જીએ મોટુ આંદોલન ચલાવીને ટાટા ગ્રુપને બંગાળમાંથી પરત કર્યું હતું. દુભાયેલા ઉદ્યોગગૃહોએ ત્યાર પછી બંગાળમાં નવા ઉદ્યોગો સ્થાપવાનું માંડી વાળ્યું હતું. હવે બંગાળમાં ભાજપ સરકાર સત્તા પર આવ્યા પછી બંગાળના ભાજપ પ્રમુખ સમીક ભટ્ટાચાર્યએ ટાટા ગ્રુપને સિંગુરમાં પાછા આવવા આમંત્રણ આપ્યું છે. એમનું માનવું છે કે જો બંગાળમાં ટાટા ગ્રુપ ફરીથી પ્લાન્ટ નાખે તો રાજયમાં બીજા ઈન્વેસ્ટરો આવવા માટે પણ વિચારશે. એમના મતે રાજયમાં ટાટાને કોઈપણ હિસાબે પરત લાવવું આવશ્યક છે. હમણા રાજયની ઈમેજ ઉદ્યોગ વિરોધી છે. આ ઈમેજ બદલવી હોય તો ફરીથી વિવિધ ઉદ્યોગોને બંગાળમાં લાવવા પડશે.

# જામનગરમાં હવામાનમાં અચાનક પલટોઃ આકાશમાં ઘેરાયા વાદળો, વરસાદી માહોલ વચ્ચે ઉકળાટ યથાવત





**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી આકરી ગરમી અને બફારા વચ્ચે આજે હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. વહેલી સવારથી જ શહેર અને જિલ્લાના અનેક વિસ્તારોમાં આકાશમાં ઘેરા વાદળો છવાઈ ગયા હતા, જેના કારણે વરસાદી માહોલ સર્જાયો હતો.

સવારથી જ સૂર્ય વાદળો પાછળ ઢંકાયેલો રહ્યો હતો અને આકાશ ઘનઘોર વાદળોથી છવાઈ ગયું હતું. દિવસ દરમિયાન ઠંડો પવન પણ ફૂંકાયો હતો, જેનાથી ગરમીમાં આંશિક રાહત મળી હતી. જોકે, વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતા બફારો યથાવત રહ્યો હતો. હવામાન નિષ્ણાતોના મતે, અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમ અને દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિને કારણે સૌરાષ્ટ્રના હવામાનમાં ધીમે ધીમે પરિવર્તન આવી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શકયતા પણ વ્યકત કરવામાં આવી છે. એક તરફ ગરમીમાંથી રાહતની આશા જાગી છે, તો બીજી તરફ વાદળછાયા વાતાવરણ અને ભેજના કારણે લોકો બફારાનો અનુભવ કરી રહ્યા છે. હવે સૌની નજર આગામી દિવસોમાં થનારી સંભવિત વરસાદી પ્રવૃત્તિ પર ટકેલી છે.

# જામનગર પત્રકાર મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યોની બિનહરીફ વરણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રતિષ્ઠિત અને ૫૦ વર્ષ જૂના 'જામનગર પત્રકાર મંડળ' ના વર્ષ ૨૦૨૬-૨૮ ના કાર્યકાળ માટે નવી કારોબારી સમિતિ અને હોદ્દેદારોની સર્વાનુમતે (બિનહરીફ) વરણી કરવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં ૧૫ કારોબારીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી અને કારોબારી સમિતિની બેઠકમાં તમામ કારોબારી સભ્યોએ એકસૂરે ગત વર્ષની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવીને જૂના હોદ્દેદારોને જ યથાવત રાખવાનો અને બિનહરીફ જાહેર કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે જામનગર પત્રકાર મંડળના ૫૦ વર્ષ થતા હોદ્દેદાર તરીકે પ્રમુખ પદે ધર્મેન્દ્રભાઈ (ભરત) રાવલ, ઉપપ્રમુખ પદે સંજયભાઈ આઈ. જાની, મંત્રી પદે કિંજલભાઈ કે. કારસરીયા અને ખજાનચી પદે સૂચિતભાઈ બારડને બિનહરીફ રીપીટ કરવામાં આવ્યા છે. તો સહમંત્રી પદે અનિલભાઈ ગોહિલની કારોબારી સભ્યોની મળેલી બેઠકમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેને કારોબારી સભ્યો અને ઉપસ્થિત તમામ મંડળના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

વર્ષ ૨૦૨૬ - ૨૮ માટે જામનગર પત્રકાર મંડળના કારોબારી સભ્યો તરીકે ધર્મેન્દ્રભાઈ (ભરતભાઈ) રાવલ, કિંજલભાઈ કારસરીયા, સંજયભાઈ જાની, મુકુંદભાઈ બદીયાણી, સુચિતભાઈ બારડ, જગત ભાઈ રાવલ, હિરેનભાઈ ત્રિવેદી, અતુલભાઈ મહેતા, અનિલભાઈ ગોહિલ, દિપકભાઈ લાંબા, પરેશભાઈ ફલિયા, ધર્મેશભાઈ રાવલ, પરેશભાઈ કનખરા, મુબારક ભાઈ મંધરા, નિર્મલભાઈ કારિયા સહિતના ૧૫ કારોબારી સભ્યો તરીકે બિનહરીફ જાહેર કરાયા છે.

જામનગર પત્રકાર મંડળની આગામી ૫૦મી વર્ષગાંઠને યાદગાર અને ભવ્ય રીતે ઉજવવા અંગે વિશેષ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સભ્યો દ્વારા આ નિમિત્તે સન્માન સમારોહ, પ્રેરણાત્મક વ્યાખ્યાન અને અન્ય રચનાત્મક સામાજિક કાર્યક્રમો યોજવા માટે મહત્વના સૂચનો આપવામાં આવ્યા હતા. હોદ્દેદારોએ તમામ સભ્યોના સહકારથી આ સુવર્ણ જયંતી વર્ષને ભવ્ય બનાવવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.




# જામખંભાળિયામાં ભેળસેળીયું ઘી વેંચતી મહિલાને પકડી પાડતી પોલીસ

**સમય સંદેશઃ જામનગર**



ખંભાળિયામાં રહેતા એક મહિલાને એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ભેળસેળયુકત આશરે ૯ કિલોગ્રામ જેટલા ઘી ના જથ્થા સાથે સલાયા ખાતેથી ઝડપી લઈ, ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ અંગે એસ.ઓ.જી. સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં પેટ્રોલિંગ દરમિયાન હેડ કોસ્ટેબલ હરદીપસિંહ જાડેજા તેમજ મહાવીરસિંહ ગોહિલને મળેલી બાતમીના આધારે ખંભાળિયામાં પાવર હાઉસની પાછળના ભાગે એક બાલ મંદિરની બાજુમાં રહેતા મયાબેન બુધાભાઈ પુંજાભાઈ વકાતર નામના ૭૬ વર્ષના મહિલાને સલાયામાં આવેલી પાંજરાપોળના ગેઈટ પાસેથી દેશી ઘી ના નામે અશુધ્ધ ઘીનું વેચાણ કરતા ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં પોલીસ તપાસમાં ઘી ની બનાવટમાં અન્ય કેમિકલ તેમજ અન્ય સામગ્રીનો ઉપયોગ કરી માનવ જીવન માટે જોખમી એવું ઘી મળી આવતા પોલીસે રૂ. ૨,૭૦૦ ની કિંમતનો આશરે ૯ કિલોગ્રામ જેટલો ઘી નો જથ્થો કબજે કરી, આ અંગે જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન વિભાગના ફૂડ ઈન્સ્પેક્ટરને માહિતગાર કરી, ઘી ના સેમ્પલો મેળવવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા, ફૂડ વિભાગના રોહિતભાઈ કોટડીયા, પી.એસ.આઈ. ડી.એ. વાળા તેમજ સ્ટાફના હરદેવસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, હરદીપસિંહ જાડેજા, મહાવીરસિંહ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને કૃષ્ણરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયા અને ભાણવડ તાલુકામાં ત્રણ સ્થળોએ જુગાર રમી રહેલા ૧૧ ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામથી ભારા બેરાજા ગામ તરફ જતા રસ્તે એક પુલ નીચે બેસીને ગત સાંજે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા લખમણ જીણાભાઈ કેશરીયા, કમલેશ રણમલભાઈ ચાનપા, ડાવા નગશી અવસૂરા અને મંગા પરબત રૂડાચ નામના ચાર શખ્સોને પોલીસે ઝડપી લઈ, કુલ રૂ. ૧૨,૧૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. ખંભાળિયા તાલુકાના ચુડેશ્વર ગામના વાડી વિસ્તારમાંથી પોલીસે મોડી રાત્રીના સમયે જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમી રહેલા જાવીદ ઓસમાણ ચમડીયા, અકબર હુસેન ચાવડા, આમદ સાલેમામદ ભાયા, હેમંતસિંહ બહાદુરસિંહ જાડેજા, વીરા નારણ ચાવડા અને ભગવાનજી કલુભા જાડેજા નામના છ શખ્સોને ઝડપી લઈ, કુલ રૂ. ૧૬,૨૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. કલ્યાણપુર તાલુકાના ભાટીયા ટાઉન વિસ્તારમાં એલસીબી પોલીસે કરણ હરજુક ધમા નામના ૨૩ વર્ષના શખ્સને પોતાના સહ આરોપી એવા મૂળ ખંભાળિયાના અને હાલ દુબઈ ખાતે રહેતા પ્રવીણ ડોસાણી પાસેથી પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાં માસ્ટર આઈ.ડી. મેળવી, અને તે માસ્ટર આઈ.ડી. ફરારી યુઝર નેમ વારા અન્ય આશરે દોઢ ડઝન જેટલા શખ્સોને આપી હતી. આમ, ઉપરોકત શખ્સ દ્વારા ઓનલાઈન જુગાર રમાડી, પોતે આર્થિક લાભ મેળવી, જુગારધારા અંગેનો ગુનો કર્યો હોવાનું જાહેર થયું છે.આ સમગ્ર પ્રકરણમાં પોલીસે મોબાઈલ ફોન વિગેરે મળે કુલ રૂપિયા ૨૨,૫૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી કરણ ધમાની અટકાયત કરી, આઈ.ડી. આપનાર એવા હાલ દુબઈ ખાતે રહેતા પ્રવીણ ડોસાણી તેમજ અન્ય આરોપીઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### વાર્તાનું આંગણું

**બેકરાર**

કોઈ કોઈ વગર મરતું નથી
હા દિલ પેલા જેવું ધડકતું નથી
તારા વગર ઝુર્યા કરે મર્યા કરે
એ શ્વાસ લે છે પણ જીવતું નથી
ચાલ્યું જાય એના વગર ચાલતુ નથી
આવજો કહે છે એ પાછુ આવતું નથી
હૈયે ઉનાળો ને આંખે ચોમાસુ બેઠું
ચિંતા વારુ ચિત ચિતા સુધી બળતું નથી
અંગ ને એ આગ આપે જે અંગત છે
બીજુ કોઈ દુખતી રગ પારખતું નથી
જીવતા કાયમ ધક્કા ને ધિક્કાર છે
મર્યા પહેલા કોઈ કોઈને ઉંચકતું નથી

-ઃ ડો. કે.જે. ગઢવી

# ખંભાળીયામાં સફાઈ અને ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી હવે નગરપાલિકાના સ્ટાફ દ્વારા કરવાનો નિર્ણય

## ખર્ચ બચાવવા અને કોન્ટ્રાકટરની કહેવાતી નિષ્ક્રિયતા અંગે પાલિકા દ્વારા નિર્ણય

જામખંભાળીયા, તા.૩૦

ખંભાળિયા શહેરમાં કચરા અને ગંદકી અંગે નગરજનોમાં ઊઠેલી વ્યાપક ફરિયાદો તેમજ કોન્ટ્રાકટર સહિતના કહેવાતા ભ્રષ્ટાચારના આક્ષેપોને ધ્યાને લઈ અને નગરપાલિકા તંત્ર દ્વારા હવે ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી પોતાના સ્ટાફ દ્વારા જ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

ખંભાળિયા શહેરમાં છેલ્લા આશરે ત્રણેક વર્ષથી કચરો એકત્ર કરી અને ડમ્પીંગ સાઈટમાં ઠલવવા માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં વધતી જતી ગંદકીનું પ્રમાણ તેમજ કચરો ઉપાડવામાં અનિયમિતતા તથા કહેવાતા ભ્રષ્ટાચારના આક્ષેપો સહિતના મુદ્દે નગરપાલિકાના પ્રમુખ દ્વારા તાજેતરમાં કોન્ટ્રાક્ટર તેમજ સેનિટેશન વિભાગ તથા સ્ટાફ સાથે ખાસ બેઠક યોજવામાં આવી હતી.

ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે નગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. પરંતુ સંતોષકારક કામગીરી જોવા મળતી નથી. આ ઉપરાંત ગંદકી માટે વગોવાઈ ગયેલી ખંભાળિયા નગરપાલિકા દ્વારા હવે આગામી દિવસોમાં પોતાનો સ્ટાફ રાખીને જ ડોર ટુ ડોર કચરો એકત્ર કરી તેનો નિકાલ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં




આવ્યું હોવાનું પાલિકા પ્રમુખ વિજયભાઈ કણજારીયા દ્વારા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ખંભાળિયા નગરપાલિકા દ્વારા આ પ્રકારે જ સેનિટેશન વિભાગ દ્વારા કચરા અંગેની કામગીરી કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વધુ ખર્ચ કરીને પણ કચરા અંગેની સંતોષકારક કામગીરી ન જણાતા હવે આ પગલું લેવામાં આવનાર હોવાનું વધુમાં જણાવાયું છે. આ અંગેનો આખરી નિર્ણય હવે આગામી જનરલ બોર્ડમાં લેવાનાર છે.

આગામી દિવસોમાં નગરપાલિકા દ્વારા ઓછા ખર્ચે તેમજ ભ્રષ્ટાચાર વગરની આ કામગીરી અમલમાં મૂકવામાં આવનાર છે. ત્યારે ગંદકીના નિકાલ સાથે ડોર ટુ ડોર કચરા કલેક્શન અંગે નગરજનોને પણ જરૂરી સાથ સહકાર આપવા પાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર,**
**વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,**
**કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


# જામનગરના માદક દ્રવ્યોની હેરાફેરીમાં સંકળાયેલો શખ્સ કરાયો જેલ હવાલે

**સમય સંદેશઃ જામનગર**



ગુજરાત રાજયને નશામુકત બનાવવા તથા ગેરકાયદેસર નાર્કોટીકસ પદાર્થો, કેફી ઔષધો અને મનઃપ્રભાવી દ્રવ્યોના વેપારને અટકાવવા રાજય પોલીસ વડા દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને જામનગર એસ.ઓ.જી. ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર વી.બી. ચૌધરી, પોલીસ સબ ઈન્સપેકટર એલ.એમ. ઝેર, પોલીસ સબ ઈન્સપેકટર એ.વી. ખેર તથા ટીમ દ્વારા એન.ડી.પી.એસ. એકટ હેઠળ વારંવાર ગુનાઓમાં સંડોવાયેલા ઈસમો વિરુદ્ધ પીટ એન.ડી.પી.એસ. એકટ મુજબ કાર્યવાહી માટે પુરાવાઓ એકત્રિત કરી દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જાહેર વ્યવસ્થા અને જાહેર સ્વાસ્થ્યને જોખમરૂપ બને તેવી પ્રવૃત્તિઓ તેમજ લોકોમાં આર્થિક પાયમાલી સર્જાય તેવી શકયતાઓને ધ્યાનમાં રાખી ને અનિરૂદ્ધસિંહ ઉમેસસિંહ જાડેજા, (રહે. જોડીયા ગામ) વિરુદ્ધ તૈયાર કરાયેલ દરખાસ્તને પોલીસ મહાનિદેશક, સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા મંજૂરી આપવામાં આવતા તેને અટકાયતમાં લઈ વડોદરા જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# જામનગરમાં પાણી-સુવિધાના અભાવે મહિલાઓનો રોષઃ ખંભાળિયા હાઈવે પર ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો...







**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પ્રાથમિક સુવિધાઓ અને પાણીની તંગીથી પરેશાન મહિલાઓએ આજે રોષ વ્યક્ત કર્યો હતો. શહેરની ન્યૂ જામનગર સોસાયટીની મહિલાઓએ તંત્ર અને સ્થાનિક કોર્પોરેટરોના ઉદાસીન વલણ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે જામનગર-ખંભાળિયા હાઈવે રોકીને ચક્કાજામ કર્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો.

સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા પાંચ વર્ષથી માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે જીવી રહ્યા છે. આ અંગે સ્થાનિક કોર્પોરેટરોને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. નેતાઓ અને તંત્રની નિષ્ફળતાથી કંટાળીને મહિલાઓએ આ પગલું ભર્યું હતું. ખાસ કરીને પાણીની સમસ્યા ગંભીર છે. સ્થાનિક રહેવાસી કવિતા બારૈયાએ જણાવ્યું હતું કે, ''અહીં નિયમિત પાણી મળતું નથી અને તંત્ર દ્વારા જે ટેન્કર મોકલવામાં આવે છે, તેનાથી પણ માત્ર ૧૦ જ મિનિટ પાણી આપવામાં આવે છે. આટલા ટૂંકા સમયમાં પૂરતું પાણી મેળવવું અશક્ય છે.''

## જામનગર પોલીસે ખોવાયેલો iPhone-14 CCTVથી શોધી કાઢ્યોઃ કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી અરજદારને મોબાઈલ પરત મળ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) દ્વારા એક સરાહનીય કામગીરી કરવામાં આવી છે. સી.સી.ટી.વી. કેમેરાની મદદથી ખોવાયેલો આઈફોન-૧૪ મોબાઈલ શોધી તેના માલિકને પરત સોંપવામાં આવ્યો હતો. અરજદારે પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને મુખ્ય મથકના કાર્યકારી નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કર્મચારીઓ સી.સી.ટી.વી. સર્વેલન્સની કામગીરીમાં વ્યસ્ત હતા. તે દરમિયાન બળદેવભાઈ જેઠાલાલ રાઠોડ (રહે. નવાનાગનાથ, જામનગર) દ્વારા તેમના મોબાઈલ ગુમ થયા અંગે રજૂઆત કરવામાં આવી હતી.

અરજદાર બળદેવભાઈએ જણાવ્યું હતું કે તેઓ રાજકોટથી જામનગર આવવા માટે એક ઈકો કારમાં મુસાફરી કરી રહ્યા હતા. જામનગરના નાગનાથ ગેટ વિસ્તારમાં ઉતર્યા બાદ તેમને ખબર પડી કે તેમનો આશરે રૂ. ૭૦ હજારની કિંમતનો આઈફોન-૧૪ મોબાઈલ વાહનમાં જ રહી ગયો છે.

આ અંગેની રજૂઆત મળતાં પોલીસ સબ ઈન્સ્પેકટર બી.બી. સિંગલના માર્ગદર્શન હેઠળ એએસઆઈ પી.એ. ખાણધર, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રદીપસિંહ સોઢા, પોલીસ કોન્સ્ટેબલ મિતલબેન સાવલિયા, જેશાભાઈ ડાંગર તેમજ એન્જિનિયર અનિલભાઈ પરમાર સહિતની ટીમે વિવિધ વિસ્તારોના સી.સી.ટી.વી. કેમેરાના દ્રશ્યોનું સૂક્ષ્મ નિરીક્ષણ શરૂ કર્યું.

તપાસ દરમિયાન, મોબાઈલ જે ઈકો કારમાં રહી ગયો હતો તે વાહનનો નોંધણી નંબર જીજે-૧૦-ડીએન-૮૦૬૧ હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ વાહનના માલિકની વિગતો મેળવી તેમનો સંપર્ક કરવામાં આવ્યો. માહિતી મળ્યા બાદ મોબાઈલ કબજે કરી અરજદારને પરત સોંપવામાં આવ્યો.



કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સતર્કતા, ટેકનોલોજીના અસરકારક ઉપયોગ અને ઝડપી કાર્યવાહીના કારણે ખોવાયેલો કિંમતી મોબાઈલ ટૂંકા સમયમાં જ મળી આવતાં અરજદારે જામનગર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ નાગરિકો સાથે રૂબરૂ સંવાદ કર્યો

### જામજોધપુરમાં નાગરિકોની સમસ્યાઓ સાંભળીને ઉકેલની ખાતરી આપી

**સમય સંદેશઃ જામનગર**

જામજોધપુર ખાતે ધારાસભ્ય હેમંતભાઈ ખવા દ્વારા નાગરિકો સાથે રૂબરૂ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારના લોકોએ પોતાની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નો રજૂ કર્યા હતા. ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ નાગરિકોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી હતી. તેમણે લોકોની સમસ્યાઓને ઊંડાણપૂર્વક સમજીને તેના નિરાકરણ માટે ખાતરી



આપી હતી. હેમંતભાઈ ખવાએ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સંકલન કરીને આ પ્રશ્નોનો વહેલામાં વહેલો અને અસરકારક ઉકેલ લાવવા માટે જરૂરી કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી.

## જામનગર જિલ્લામાં જૂની સિરીઝના સિલ્વર-ગોલ્ડન નંબર માટેની ઈ-ઓકશન પ્રક્રિયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાની મોટરિંગ પબ્લિકના વાહન માલિકો જેમાં ટુ વ્હીલર , ટ્રાન્સપોર્ટ તેમજ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ પ્રકારના વાહનો માટેની તમામ જૂની સિરીઝમાં બાકી રહેલા સિલ્વર - ગોલ્ડન નંબરમાં લેવા માટે ઈ-ઓકશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ઈ - ઓકશન માં ભાગ લેવા માટેનો સમય ગાળો જેમાં ઑનલાઈન અરજીનો સમય ગાળો - ૦૧/૦૬/૨૦૨૬ થી ૦૩/૦૬/૨૦૨૬ બપોરે ૪.૦૦ કલાક સુધી, ઈ - ઓકશનનો બિડિંગ કરવાનો સમયગાળો- ૦૩/૦૬/૨૦૨૬ થી ૦૫/૦૬/૨૦૨૬ બપોરે ૪.૦૦ કલાક સુધી, ઈ - ઓકશન નું પરિણામ તા.૦૫/૦૬/૨૦૨૬ બપોરે ૪.૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.

વાહન માલિકો સૌ પ્રથમ WWW.PARIVAHAN.GOV.IN વેબસાઈડ પર જઈને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનું રેહશે.ત્યાર બાદ સદર વેબ સાઈડ પર લોગીન કરી ને વાહન ખરીદી ના દિવસ-૭ ની અંદર ઓનલાઈન ઈ ગ અ ફોર્મ ભરવાનું રેહશે.

વાહન માલિક ગોલ્ડન અને સિલ્વર અને અન્ય પસંદગીના નંબર પર થી કોઈ એક નંબર પસંદ કરીને ઓનલાઈન પેમેન્ટ પ્રક્રિયા પૂણ કરી ને ઓનલાઈન રસીદ મેળવી લેવાની રેહશે.

વાહન માલિક પોતાની બીડ ઉપરોકત દર્શાવેલ સમય ગાળા દરમિયાન ૧૦૦૦ ના ગુણાક માં વધારી શકશે.

ઈ-ઓકશન ના અંતે નિષ્ફળ થયેલ અરજદારો એ રિફંડ માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ની કચેરી જામનગર નોસંપર્ક કરવાનો રેહશે.

પસંદગીનાં લાગેલ નંબરવાળા અરજદારોએ બાકી રકમનું ચુકવણું ઓનલાઈન દિવસ-૫ (પાંચ)માં કરવાનું રહેશે.જેમાં નિષ્ફળ ગયે પસંદગીનાં નંબરની ફીનું રિફંડ મળશે નહિ.જેની નોંધ લેવી.

ઓકશનમાં ભાગ લેનાર વાહન માલિકનાં તમામ દસ્તાવેજો ડીલર કક્ષાએ ખરાઈ કરી અપલોડ કરેલાં હોવા જોઈશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમાં ૪૪ અરજીઓનો નિકાલ







**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે કલેક્ટર પી.બી.પંડ્યાની અધ્યક્ષતામાં 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રજૂ થયેલા કુલ ૪૯ પ્રશ્નો જે તમામનો હકારાત્મક ઉકેલ લાવી અરજદારોની રજૂઆતોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

બેઠક દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોના નાગરિકોની વ્યકિતગત અને જાહેર હિતની રજૂઆતો સંદર્ભે કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓ અને અરજદારોની રૂબરૂ હાજરીમાં વિગતવાર સમીક્ષા કરી હતી. ખાસ કરીને સ્વામિત્વ યોજના હેઠળ થયેલ ક્ષતિયુકત સર્વે બાબતે, જમીનમાં હક દાખલ નોંધ અંગે, ગટરની સફાઈ અંગે, જમીન સર્વે બાબતે ખાતેદાર પોતાનો કબજો દર્શાવી શકયા ન હોવા અંગે, પીવાના પાણી અંગે, જમીન દબાણ બાબતનો પ્રશ્ન,ચૂક સુધારા દસ્તાવેજની સ્ટેમ્પ ડ્યુટી ભરવા બાબત, વીજળી અંગેનો પ્રશ્ન, અનધિકૃત બાંધકામ અને ફેન્સીંગ દુર કરવા બાબત, જમીન સંપાદન અન્વયે અરજદારને વળતરની રકમ ચુકવવા બાબત, ગેરકાયદેસર દબાણ દુર કરવા અંગે, રહેણાંક વિસ્તાર પાસે પાર્કિંગ કરવા બાબત, મકાનનો કબ્જો પરત અપાવવા અંગે, સ્પીડ બ્રેકર બનાવવા બાબત, તળાવ અને નદી ઊંડા ઉતારવા, રોડ રસ્તા અંગેનો પ્રશ્ન જેવા અરજદારોના વિવિધ પ્રશ્નો અન્વયે કલેકટરે લગત અધિકારીઓને સુચના આપી સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા સુચના આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, પ્રાંત અધિકારીશ્રી, લગત વિભાગના અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા.

### જામખંભાળિયા ન.પા. વહિવટીતંત્રનો નિર્ણય

## સફાઈ અને ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી હવે નગરપાલિકા સ્ટાફ દ્વારા કરાશે

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં કચરા અને ગંદકી અંગે નગરજનોમાં ઊઠેલી વ્યાપક ફરિયાદો તેમજ કોન્ટ્રાકટર સહિતના કહેવાતા ભ્રષ્ટાચારના આક્ષેપોને ધ્યાને લઈ અને નગરપાલિકા તંત્ર દ્વારા હવે ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી પોતાના સ્ટાફ દ્વારા જ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

ખંભાળિયા શહેરમાં છેલ્લા આશરે ત્રણેક વર્ષથી કચરો એકત્ર કરી અને ડમ્પીંગ સાઈટમાં ઠલવવા માટેનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં વધતી જતી ગંદકીનું પ્રમાણ તેમજ કચરો ઉપાડવામાં અનિયમિતતા તથા કહેવાતા ભ્રષ્ટાચારના આક્ષેપો સહિતના મુદ્દે નગરપાલિકાના પ્રમુખ દ્વારા તાજેતરમાં કોન્ટ્રાકટર તેમજ સેનિટેશન વિભાગ તથા સ્ટાફ સાથે ખાસ બેઠક યોજવામાં આવી હતી.

ડોર ટુ ડોર કચરા કલેકશન માટે નગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. પરંતુ સંતોષકારક કામગીરી જોવા મળતી નથી. આ ઉપરાંત ગંદકી માટે વગોવાઈ ગયેલી ખંભાળિયા નગરપાલિકા દ્વારા હવે આગામી દિવસોમાં પોતાનો સ્ટાફ રાખીને જ ડોર ટુ ડોર કચરો એકત્ર કરી તેનો નિકાલ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હોવાનું પાલિકા પ્રમુખ વિજયભાઈ કણજારીયા દ્વારા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ખંભાળિયા નગરપાલિકા દ્વારા આ પ્રકારે જ સેનિટેશન વિભાગ દ્વારા કચરા અંગેની કામગીરી કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વધુ ખર્ચ કરીને પણ કચરા અંગેની સંતોષકારક કામગીરી ન જણાતા હવે આ પગલું લેવામાં આવનાર હોવાનું વધુમાં જણાવાયું છે. આ અંગેનો આખરી નિર્ણય હવે આગામી જનરલ બોર્ડમાં લેવાનાર છે. આગામી દિવસોમાં નગરપાલિકા દ્વારા ઓછા ખર્ચે તેમજ ભ્રષ્ટાચાર વગરની આ કામગીરી અમલમાં મૂકવામાં આવનાર છે. ત્યારે ગંદકીના નિકાલ સાથે ડોર ટુ ડોર કચરા કલેકશન અંગે નગરજનોને પણ જરૂરી સાથ સહકાર આપવા પાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગરમાં સ્કૂલે જતા વિદ્યાર્થીને રોકી ઘડિયાળ લૂંટનાર બે શખ્સો પોલીસ સકંજામા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સ્કૂલથી સ્પોર્ટ્સ સ્કૂલ જતાં વિદ્યાર્થીને રોકી તેની પાસેથી ઘડિયાળ બળજબરીપૂર્વક છીનવી લેવાના બનાવમાં સિટી-એ ડિવિઝન પોલીસે ગણતરીની કલાકોમાં બે આરોપીઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસમાંથી મળતી માહિતી મુજબ, જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૧૫(૨), ૩૦૮(૨), ૧૨૬(૨), ૩૫૧(૨) અને ૫૪ મુજબ ગુનો નોંધાયો હતો. ફરિયાદ અનુસાર, ગત તા.૨૬ મેના રોજ બપોરના સમયે એક વિદ્યાર્થી સ્કૂલથી જે.એમ.સી. સ્પોર્ટ્સ સ્કૂલ તરફ જતો હતો ત્યારે તળાવની પાળના ગેટ પાસે બે અજાણ્યા શખ્સોએ તેને રોક્યો હતો.

આરોપીઓએ વિદ્યાર્થીની બેગ ચેક કરી તેને ધમકાવ્યો હતો અને બે ઝાપટા મારી તેના હાથમાં પહેરેલી રીવર્ટ વી.આઈ.પી. કંપનીની લીલા રંગની ઘડિયાળ બળજબરીપૂર્વક ઉતરાવી લઈ ફરાર થઈ ગયા હતા.

બનાવની ગંભીરતા ધ્યાને લઈ જામનગર જિલ્લા પોલીસ વડા ડી. રવિ મોહન સૈની તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ એન. ઝાલા દ્વારા આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવા સૂચના આપવામાં



આવી હતી.

સિટી-એ ડિવિઝન પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ તેમજ દિ-પ્લોટ ચોકીના પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી સમીરભાઈ હુશૈનભાઈ બ્લોચ (મકરાણી), રહે. મોરકંડા રોડ સનસિટી વિસ્તાર, તેમજ તોફીકભાઈ રફિકભાઈ રહે. ખોજા નાકા બહાર ટીટોડીવાડી વિસ્તાર, જામનગર, ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે બંને આરોપીઓની ધોરણસર અટકાયત કરી આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર મહિલા પોલીસ સ્ટેશન પર વિશાળ વૃક્ષ પડ્યુંઃસ્ટાફ ગેરહાજર હોવાથી મોટી જાનહાનિ ટળી, મિલકતને નુકસાન







**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરની એસપી કચેરીના કમ્પાઉન્ડમાં આવેલા મહિલા પોલીસ સ્ટેશન પર આજે એક વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. સદ્‌નસીબે, આ ઘટના સમયે પોલીસ સ્ટેશનમાં કોઈ સ્ટાફ કે અરજદાર હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

જે સમયે આ મહાકાય વૃક્ષ પોલીસ સ્ટેશનની ઈમારત પર પડ્યું, ત્યારે અંદરના રૂમમાં કોઈ કર્મચારી કે અરજદાર ઉપસ્થિત ન હતા. સ્ટાફની ગેરહાજરીને કારણે કોઈ જાનહાનિ થઈ ન હતી. હાલમાં, ઓફિસની અંદર જઈ શકાય તેમ ન હોવાથી મહિલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ બહાર ખુલ્લામાં બેસીને પોતાની ફરજ બજાવી રહ્યો છે.

વૃક્ષ પડવાને કારણે પોલીસ સ્ટેશનની મિલકતને વ્યાપક નુકસાન થયું છે. પ્રાથમિક માહિતી મુજબ, છતનું છાપરું સંપૂર્ણપણે દબાઈ ગયું છે. બહાર લગાવેલા સીસીટીવી કેમેરા તૂટી ગયા છે, ઈલેક્ટ્રિક મીટર અને વાયરિંગને નુકસાન થયું છે, તેમજ ઓફિસની અંદર રાખેલા ટેબલ, ખુરશીઓ સહિતનું ફર્નિચર પણ ક્ષતિગ્રસ્ત થયું છે.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરો દ્વારા આધુનિક કટર મશીન વડે વિશાળ વૃક્ષના મોટા લાકડા અને ડાળીઓ કાપીને તેને હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, જેથી પોલીસ સ્ટેશનનો રસ્તો સાફ કરી શકાય અને નુકસાનીનો ચોક્કસ અંદાજ લગાવી શકાય.

# કુખ્યાત બુટલેગર હિતેશ ઉર્ફે વાંગો ચોટીલાથી દબોચાયોઃ ભાજપ નગરસેવિકાનો પુત્ર, ૧૯ ગુનાનો આરોપી છે

**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાયની ટીમે જામનગરના કુખ્યાત બુટલેગર અને ભાજપના નગરસેવિકાના પુત્ર હિતેશ ઉર્ફે વાંગો બાંભણિયાની ચોટીલા નજીકથી ધરપકડ કરી છે. તે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે કરોડના ઈંગ્લિશ દારૂના હાઈપ્રોફાઈલ ગુનામાં લાંબા સમયથી ફરાર હતો.

રાજકોટ રેન્જના આઈ.જી. નિર્લિપ્ત રાયના આદેશ બાદ ગુનેગારોને પકડવા માટે ખાસ એક્શન પ્લાન ઘડવામાં આવ્યો હતો. રેન્જના પી.આઈ. અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. પી.એન. મોરી, સી.એમ. કાંટલીયા અને તેમની ટીમે ટેકનિકલ સોર્સિસ તથા હ્યુમન નેટવર્કનો ઉપયોગ કર્યો હતો.

ચોક્કસ બાતમીના આધારે, આરોપી ચોટીલા આસપાસ છુપાયેલો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તાત્કાલિક ચોટીલામાં લાલા રઘુવંશી હોટેલની બાજુમાં આવેલી નગીન હોટેલ પાસે જાહેર રોડ પર નાકાબંધી ગોઠવીને હિતેશ ઉર્ફે વાંગાને ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ, તેને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ચોટીલા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આરોપી હિતેશ ઉર્ફે વાંગો નરશીભાઈ બાંભણિયા જામનગરની સતીષા પીરની દરગાહની બાજુમાં રહે છે અને તે ભાજપના નગરસેવિકાનો પુત્ર છે. તેના પર અત્યાર સુધીમાં કુલ ૧૯





ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. જેમાં ૨ હત્યાના ગુના, ૨ હત્યાના પ્રયાસના ગુના (છેલ્લો ગુનો ૨૦૨૪માં જામનગર પંચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો), ૫ મારામારીના કેસ, ૪ દારૂબંધીના કેસ (છેલ્લો ગુનો ૨૦૨૩માં જામનગર સિટી બી ડિવિઝનમાં એલ.સી.બી. દ્વારા નોંધાયો હતો), ૧ ધાડ પાડવાની પૂર્વ તૈયારીનો ગુનો, ૧ જાહેરનામા ભંગ (પ્રિઝન એક્ટ)નો ગુનો, ૨ જાનમાલના નુકસાનના ગુના અને ૧ કેફી પ્રવાહી પીધેલી હાલતનો ગુનો સામેલ છે.

આ કાર્યવાહીમાં પી.આઈ. અપૂર્વ પટેલની આગેવાની હેઠળ પી.એસ.આઈ. પી.એન. મોરી, બી.સી. મિયાત્રા, સી.એમ. કાંટલીયા તેમજ સ્ટાફના સંદિપસિંહ ઝાલા, કાસમભાઈ બ્લોચ, કમલેશભાઈ રબારી, મીતેશભાઈ પટેલ, નરેન્દ્રસિંહ રાઠોડ, આશાબેન પટેલ અને બલદેવસિંહ વીરડીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# દરેડમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ ઝડપાયુંઃ સલામતી વિના ઘરેલુ બાટલામાં ગેસ ભરી વેચાણ થતું હતું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના દરેડ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઘરેલુ ગેસના બાટલામાં રિફિલિંગ કરી વેચાણ કરવાનું કૌભાંડ ઝડપાયું છે. પંચકોશી બી ડિવિઝન પોલીસે દરોડો પાડી એક શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે.

પોલીસને મળેલી બાતમીના આધારે દરેડમાં તક્ષશિલા મંદિર પાછળના વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે એક શખ્સ જાહેર સ્થળે કોઈપણ સલામતી વ્યવસ્થા કે મંજૂરી વગર મોટા ગેસના બાટલામાંથી નાના બાટલામાં ગેસ ટ્રાન્સફર કરી રહ્યો હતો.

આ પ્રવૃત્તિ ગેસ જેવા જ્વલનશીલ પદાર્થ સાથે બેદરકારીભર્યું કામ હોવાથી આસપાસના લોકોના જીવને જોખમ ઊભું થયું હતું. પોલીસે



દરોડા દરમિયાન એક ભરેલો મોટો ગેસ સિલિન્ડર, ત્રણ ભરેલા નાના ગેસ બાટલા, ગેસ ટ્રાન્સફર કરવા માટેની નોઝલ, પાઈપ, રેગ્યુલેટર અને ઈલેક્ટ્રોનિક વજન કાંટો સહિત આશરે રૂ. ૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ તપાસમાં આરોપીની ઓળખ ઈન્દ્રજીતસિંહ ધર્મેન્દ્રસિંહ ગોહીલ (ઉંમર ૨૪, રહે. દરેડ) તરીકે થઈ છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરી તેનું વેચાણ કરતો હતો.

આ પ્રકારની પ્રવૃત્તિથી કોઈપણ સમયે આગ કે વિસ્ફોટ જેવી ગંભીર દુર્ઘટના સર્જાઈ શકે છે. પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આરોપી કેટલા સમયથી આ પ્રવૃત્તિ ચલાવતો હતો અને તેમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલ છે કે કેમ તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

## રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની કાર્યવાહીઃ

# શેઠવડાળામાંથી ₹૭૫ લાખના ગેરકાયદેસર લાઈમ સ્ટોન ભરેલા 3 ડમ્પર ઝડપાયા





**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના આદેશ બાદ જામનગર જિલ્લાના શેઠવડાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર લાઈમ સ્ટોનનું વહન કરતા ત્રણ ડમ્પર ઝડપાયા છે. પોલીસે કુલ ₹૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતા તત્વો સામે કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા. આ અંતર્ગત, રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. મોરી, બી.સી. મીયાત્રા, સી.એમ. કાંટેલીયા અને સ્ટાફના સભ્યો ખનીજ માફિયાઓ પર નજર રાખી રહ્યા હતા.

પીએસઆઈ પી.એન. મોરી, સી.એમ. કાંટેલીયા અને સ્ટાફના સંદિપસિંહ ઝાલા, કાસમભાઈ બ્લોચ, કમલેશભાઈ રબારી, મીતેશભાઈ પટેલ તથા ડ્રાઈવર ધર્મેન્દ્રસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભોજાબેડી ગામ તરફના રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી.

વોચ દરમિયાન, પોલીસે રસ્તા પરથી પસાર થતા ત્રણ શંકાસ્પદ ડમ્પરોને અટકાવ્યા હતા. તપાસ કરતા તેમાંથી ગેરકાયદેસર લાઈમ સ્ટોન મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ડમ્પરો અને ત્રણ ડ્રાઈવરોની અટકાયત કરી હતી.

ઝડપાયેલા ડ્રાઈવરોમાં ભોજાબેડીના આસીફ હબીબ સમા (ડમ્પર GJ ૧૦ AT ૬૬૨૩, ૨૩.૧૫ મેટ્રિક ટન ખનીજ, કિંમત ₹૨૫ લાખ), લલોઈના વલીમામદ નુરમામદ (ડમ્પર GJ 10 AT 6624, ૨૫.૧૨ મેટ્રિક ટન ખનીજ, કિંમત ₹૨૫ લાખ) અને જામજોધપુરના સબીર મામદ સમા (ડમ્પર GJ 10 AT 6625, ૨૨.૯૯ મેટ્રિક ટન ખનીજ, કિંમત ₹૨૫ લાખ) નો સમાવેશ થાય છે.

પોલીસે કુલ ₹૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ખાણ ખનીજ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી જરૂરી કાર્યવાહી કરાવી હતી. આ અંગે વધુ કાયદેસરની કાર્યવાહી માટે તમામ મુદ્દામાલ શેઠવડાળા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. રેન્જ ટીમ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીથી પંથકના ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# જામનગરમાં પવનચક્કી કેબલ ચોરી કરતી ગેંગ ઝડપાઈઃ એલસીબીએ 3 આરોપીઓને પકડી ₹૧.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એલસબી પોલીસે લાલપુર અને કાલાવડ ગ્રામ્ય વિસ્તારમાં પવનચક્કીના કેબલ ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી કુલ ₹૧,૭૭,૬૬૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ગેંગ પવનચક્કીના કિંમતી કોપર કેબલ વાયરની ચોરી કરતી હતી. એલસીબીએ સઘન તપાસ બાદ દિગ્વિજય પ્લોટ-૪૯, રામ સાયકલ સ્ટોર પાસેથી આ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.



જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાના આદેશો બાદ, એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમો કામે લાગી હતી. એલસીબીના પીએસઆઈ એમ.વી.ભાટીયા અને સ્ટાફે ટેકનિકલ સોર્સિસ, સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોના નેટવર્કના આધારે તપાસ કરી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં હાજીભાઈ આદમભાઈ ખફી (ઉંમર ૩૦, રહે. મસીતીયા ગામ, જામનગર), ઈરફાનભાઈ અબ્બાસભાઈ જુસબભાઈ ખફી (ઉંમર ૩૧, રહે. મતિયા ગામ, જામનગર) અને ભરતભાઈ હરસુખભાઈ જગુભાઈ ચૌહાણ (ઉંમર ૨૬, રહે. દિગ્વિજય પ્લોટ, જામનગર) નો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, પકડાયેલા આરોપીઓ પૈકી ભરત ચૌહાણ અને હાજીભાઈ ખફી અગાઉ પણ શેઢવડાદર અને ભાણવડ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા રીઢા ગુનેગારો છે.

આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ ભાણાજી ઉર્ફે ભરત ભાનુશાલી (રહે. વિશ્રામવાડી) અને હરેશ ભાનુશાલી (રહે. જામનગર) હાલ ફરાર છે. પોલીસે આ બંને ભાગેડુઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસે કબજે કરેલા મુદ્દામાલમાં આશરે ૧૪૬ મીટર કોપર વાયર (કિંમત ₹૯૭,૬૦૦/-), બે મોટરસાયકલ (કિંમત ₹૬૫,૦૦૦/-), ત્રણ મોબાઈલ ફોન (કિંમત ₹૧૫,૦૦૦/-) અને કેબલ કાપવાના સાધનો (તણી અને ડીસમિસ) નો સમાવેશ થાય છે. કુલ મુદ્દામાલની કિંમત ₹૧,૭૭,૬૬૦/- આંકવામાં આવી છે. જામનગર એલસીબીની આ કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# જામખંભાળિયાના વોર્ડ નં.૧માં ગટરનો સળગતો પ્રશ્ન હલ કરવા સદસ્યની જહેમત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં મિલન ચાર રસ્તા નજીકથી રેલવે ફાટક સુધીના માર્ગમાં આવેલી એક જૂની અને વિશાળ ગટર કે જે ચોમાસાના સમયમાં સ્થાનિકો માટે શિરદર્દ સમાન હતી, આ ગટરને ચોખ્ખી કરાવવા વોર્ડ નં ૧ ના જાગૃત અપક્ષ સદસ્ય દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

ખંભાળિયા શહેરના મિલન ચાર રસ્તામાં વિસ્તારમાં આવેલી વિઠલાણી હોસ્પિટલની પાછળના ભાગમાં આવેલી વાંકડા જેવી વિશાળ ગટર કે જે અહીંના સલાયા રેલવે ફાટક સુધી જાય છે, આ ગટરના કારણે ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા સ્થાનિકો માટે માથાના દુખાવા રૂપ બની રહી હતી. આ અંગેની જાણ ખંભાળિયા નગરપાલિકાના વોર્ડ નં. ૧ ના જાગૃત અપક્ષ સદસ્ય એવા ઉદયભાઈ ગઢવીને થતા તેમણે ગઈકાલે બુધવારે નગરપાલિકા કચેરીમાં જાણ કરતા નગરપાલિકાના જેસીબી સહિતના સાધનોની મદદથી આ ગટરને ચોખ્ખી કરાવી, ગટરના આ પ્રશ્નનું નિરાકરણ આવે તે માટે આ સ્થળે ગંદકી તથા કચરાના નિકાલ સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.આ કાયમી પ્રશ્નનું નિરાકરણ આવતા સ્થાનિક રહીશોએ રાહતની લાગણી વ્યક્ત કરી હતી.

**જે.સી.બી. જેવા સાધનોથી વોંકળાને ચોખ્ખો કરાવાયો**



PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com